PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૬/ક્વા-૦૧/૨૦૨૩-૨૪/ ૨૪૩૪-૨ તારીખ : ૨૦ - ૦૭ - ૨૦૨૩

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,

શ્રી અનસોયાબેન પરબતભાઇ પટેલ

બ્લોક નં. L-૫૩૩, ન્યુ ગુજરાત હાઉસીગ બોર્ડ, શનાળા રોડ ,

મું. પો. : મોરબી , તા. : મોરબી, જી. : મોરબી,

પીન કોડ. : ૩૬૩૬૪૧

મોબાઈલ : ૯૭૨૬૫૦૩૪૫૨

વિષય : પીજીવીસીએલ અધિકારીની ભૂલના કારણે થયેલ નુકશાનનુ વળતર આપવા અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. .

( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨૬/ક્વા-૦૧/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )

કા.વા. કન્વીનર

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,

પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, મોરબી.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, મોરબી-૨.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ટંકારા.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com


પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૬/ક્વા-૧/૨૩-૨૪/ ૨૫૩૫-૨ તા. ૨૦-૦૭-૨૦૨૩

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -૨૬/ક્વા-૧/૨૩-૨૪, તા.૨૭-૦૬-૨૦૨૩

| | |
|---|---|
| અરજદાર | : શ્રી અનસોયાબેન પરબતભાઈ પટેલ, ગામ: મોરબી |
| રજૂઆત કરનાર | : ઉજરીયા અનસોયાબેન પરબતભાઈ તથા તેમની સાથે શ્રી ઉજરીયા કૌશિકભાઈ પરબતભાઈ અને શ્રી ઉજરીયા પરબતભાઈ ખીમજીભાઈ |

:: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – મોરબી – ૨ |
| રજૂઆત કરનાર | : શ્રી જે.સી.ગોસ્વામી, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ.,વિભાગીય કચેરી,મોરબી-૨ |

:: કોરમ ::

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી. મકવાણા |
| ૨) સભ્ય (ટેકનીકલ) | - શ્રી આર. સી. પટેલ |
| ૩) સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી |

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, મોરબી |
| તારીખ: | ૧૨-૦૭-૨૦૨૩ (બુધવાર) |

૧.૦ અરજદાર અનસોયાબેન પરબતભાઈ પટેલની ફરિયાદ તા.૨૩.૦૬.૨૦૨૩ ના રોજ અત્રેના ફોરમને મળેલ છે, અગાઉ સદર અરજદાર દ્વારા ફોરમ સમક્ષ પરંપરાગત વીજજોડાણ મેળવવા માટે ફોરમ સમક્ષ નોંધાવેલ હતી, જેની નોંધણી ફોરમ દ્વારા કેસ નં. ૧૯/કવા-૦૩/૨૦૨૨-૨૩ થી કરવામાં આવેલ જેનો ઓર્ડર કરવામાં આવેલ હતો તે મુજબ ઠરાવ ક્રમાંક - એસ.એલ.આર./૧૧/૨૦૧૪/જી.ઓ.આઈ./બ-૧ તા.૦૮.૦૭.૨૦૨૨ મુજબ ૦૫ વર્ષ પૂર્ણ થયેલ ઓફગ્રીડ સોલારપંપ ધરાવતા ખેડૂતોને પરંપરાગત વીજજોડાણ આપવા માટે સોલાર સીસ્ટમને ગ્રીડ સાથે જોડવા અંગેની યોજના ધારાધોરણો અને શરતો મુજબ જોડવા અંગેનો ઠરાવ મુજબ જો અરજદાર જરૂરી ધારા-ધોરણો અને શરતો મુજબ જરૂરી સમંતિ દિવસ-૩૦ માં રજુ કરે તો અરજદાર દ્વારા કરેલ ખેતીવાડીના નવા વીજજોડાણની અરજી અંતર્ગત બાકીની કાર્યવાહી પૂર્ણ કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે અન્યથા અરજદારે ભરપાઈ કરેલ ભાવપત્રકના નાણાં રિફંડ કરવાની કાર્યવાહી કરવાની રહેશે, સદર ફોરમના હુકમને અરજદારે ગ્રાહ્ય ન રાખતા અરજદારની ફરિયાદ વિદ્યુત લોકપાલ સમક્ષ કેસ નં.૧૦/૨૦૨૩ થી નોંધણી કરાવેલ જેના ઓર્ડર મુજબ પરંપરાગત નવા વીજજોડાણ માટે ભરપાઈ કરેલ ભાવપત્રકની રકમ

રૂ.૭૬૩૫/- રીફંડ કરવા સામેવાળાને સુચીત કરવામાં આવેલ હતા, તેમજ જવાબદાર અધિકારી / કર્મચારી સામે નિયમમુજબ શિસ્તભંગના પગલા લેવા સુચના કરેલ. ત્યારબાદ અરજદાર દ્વારા પીજીવીસીએલની ભૂલને કારણે થયેલ નુકશાનનું વળતર મેળવવા માટે ફોરમ સમક્ષ ફરિયાદ નોંધાવેલ છે. સદર કેસની સુનાવણી તા.૧૨.૦૭.૨૦૨૩ ના રોજ રાખવામાં આવેલ હતી જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર શ્રીમતી અનસોયાબેન પરબતભાઈ પટેલ દ્વારા પીજીવીસીએલના અધિકારીની ભૂલને કારણે થયેલ નુકશાનનું વળતર આપવા બાબતે ફોરમ સમક્ષ ફરિયાદ નોંધાવેલ છે.

૨.૧ નામદાર વિદ્યુત લોકપાલશ્રીના ચુકાદા કેસ નં. ૧૦/૨૦૨૩ પ્રમાણે વીજઅધિકારીથી ભૂલ થયેલ છે. પરંતુ સદર ભૂલને કારણે નાના ખેડૂત અરજદાર ૦૩ વીઘા જમીન ધરાવે છે, જેમાં આર્થિક નુકશાન થયેલ છે, તેની તાત્કાલિક સામેવાળા દ્વારા વળતર આપવામાં આવે અને જવાબદાર અધિકારીને સસ્પેન્ડ કરવામાં આવે જેથી ભવિષ્યમાં બીજા કોઈ નાના ખેડૂતને નુકસાન ન થાય.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૨.૨ અરજદાર દ્વારા પીજીવીસીએલના અધિકારીની ભૂલના કારણે થયેલ નુકશાન અંગે મળવાપાત્ર વળતરની વિગત નીચે મુજબ રજુ કરેલ છે. (કોષ્ટક નં -૧)

| | | |
|---|---|---|
| ૧ | પરંપરાગત વીજજોડાણ માટે કરેલ પ્રથમ અરજી તા.૨૬.૧૦.૨૦૧૬ | રૂ.૨૦૦ |
| ૨ | પાંચ વર્ષ પૂર્ણ થતા વીજકચેરીએ તપાસ કરતા પરંપરાગત વીજજોડાણ માટે કરેલ નવી અરજી તા.૧૪.૦૬.૨૦૨૧ | રૂ.૨૦૦ |
| ૩ | સહમતીપત્રક ખર્ચ: તા.૨૧.૦૫.૨૦૨૨ વીજઅધિકારી દ્વારા અમારી પાસેથી સહમતીપત્રક લીધેલ છે સોલાર સિસ્ટમ નીકળ્યા પછી પરંપરાગત વીજજોડાણ આપીશુ | રૂ.૫૦૦ |
| ૪ | વીજઅધિકારીના કહેવા પ્રમાણે સોલાર સિસ્ટમ નીકાળવનો થયેલ અંદાજિત ખર્ચ તા.૨૧.૦૫.૨૦૨૨ | રૂ.૮૦૦૦ |
| ૫ | પરંપરાગત વીજજોડાણ માટેની ફાઇનલ ફી તા.૨૧.૦૫.૨૦૨૨ | રૂ.૭૬૩૫ |
| ૬ | સોલાર સિસ્ટમ ફરીથી ખેતીવાડીમાં લગાવવાનો ખર્ચ (મોરબી, રાજકોટ, ટંકારા ઓફિસે સતત તપાસ કરતા કઈ સમાધાનના મળવાના લીધે સોલાર ફરીવાર લગાવેલ છે જેથી ઉભા પાકને બચાવી શકાય) તા.૧૮.૦૯.૨૦૨૨ | રૂ.૯૫૦૦ |
| ૭ | સોલાર સિસ્ટમ યોગ્ય રીતે ના ચાલવાના લીધે ખેતીવાડીમાં થયેલ અંદાજિત પાક નુકસાન ખર્ચ | રૂ.૩૦૦૦૦૦ |
| ૮ | પીજીવીસીએલ મોરબી, રાજકોટ, ટંકારા ઓફિસે સોલ્યુશન/પૂછપરછ માટે થયેલ ખર્ચ (પેટ્રોલ ખર્ચ, કામ અને સમયનું નુકસાન... | રૂ.૨૧૦૦૦ |
| સંપૂર્ણ ખર્ચ : | | રૂ.૩૪૭૦૩૫ |

૨.૩ અરજદાર દ્વારા સોલાર ઑફગ્રીડ સિસ્ટમ માંથી ઓનગ્રીડ કરવા માટે સંલગ્ન એજન્સી દ્વારા અંદાજીત ખર્ચ રૂ.૮૦૪૭૬/- જણાવેલ છે.

૨.૪ અરજદાર દ્વારા ઓનગ્રીડ સીસ્ટમમાં થતા નુકસાન બાબતે નીચે મુજબની રજૂઆત આપેલ છે.

- ખેતીવાડીમાં રાત્રી અને દિવસનો ૦૮ કલાકનો પાવર હોય છે. સોલાર સિસ્ટમ દિવસ દરમ્યાન ઉર્જા ઉત્પન્ન કરે છે. જયારે વીજલાઈનમાં રાત્રીનો પાવર હશે ત્યારે સૌરઉર્જાનો દિવસનો પાવર વીજફીડર બંધ હોવાના કારણે વીજલાઈનમાં આગળ નહિ જાય જે નુકસાન કારક છે ખેડૂત માટે.
- વળતરનો સમયગાળો: સોલાર સિસ્ટમ એકદમ સ્વચ્છ હોય ત્યારે ૧૨ કલાકના હિસાબે ૦૧ કિવો

સોલાર સિસ્ટમ એવરેજ ૦૪ યુનિટ ઉત્પન્ન કરે છે, એટલેકે ૦૫ કિવો સોલાર સિસ્ટમ માટે દિવસ દરમ્યાન ૧૨ કલાકના હિસાબે થતી રકમ= 5(KW) x 4(Unit/KW) x રૂ.1.75 Unit= રૂ.34 પ્રતિ દિવસ થાય.
જ્યારે પીજીવીસીએલ દ્વારા મહિનામાં ૧૦ દિવસ ૮ કલાકનો પાવર મળે તે મુજબ ગણતરી કરતા થતી રકમ= (34 x 8)/12 = રૂ.૨૩/દિવસ મુજબ ૧૦ દિવસ પ્રમાણે કુલ રૂ.૨૩૦/- ની રકમ સૌરઉર્જા દ્વારા મળે, તે મુજબ ૦૧ વર્ષમાં રૂ.૨૩૦*૧૨=રૂ.૨૭૬૦/- ની રકમ મળી શકે.

૨.૫ સોલાર ઑફગ્રીડ સિસ્ટમ માંથી ઓનગ્રીડ કર્યા પછી કોઇપણ જાતનું મેન્ટેનન્સ આવે તો કુલ થવા પાત્ર ખર્ચ(રૂ.80,476) ની ગણતરી મુજબ વળતરની રકમ =રૂ.80,476 (ગ્રીડ કનેકશન ખર્ચ)/ રૂ.2760 (વાર્ષિક રકમ)=29.15= 29 વર્ષ અને 2 મહિના થાય. જે વળતર સમયગાળો વધારે હોવાથી નાના ખેડૂતને બિલકુલ પોસાય તેમ નથી. તેથી સરકારશ્રીના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનાં GR તા.૦૮.૦૭.૨૦૨૨ માં જરૂરી સુધારો કરી ખેડૂત હિતમાં ન્યાય કરવા વિનંતી તેમજ વીજઅધિકારીના ભૂલના કારણે જે નુકસાન થયેલ છે તેનું પીજીવીસીએલ દ્વારા જલ્દીથી વળતર આપવા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકારની લેખિત રજૂઆત પત્ર નં ૨૮૯૯ તા.૦૬-૦૭-૨૦૨૩ મુજબ અરજદારશ્રી દ્વારા હાલમાં થયેલી નુકસાનીના વળતર અંગેની અરજી તેઓ દ્વારા અગાઉની અરજી મુજબ સામાન્ય યોજના હેઠળનું ખેતીવાડી વીજજોડાણ ન મળવાના કેસ સાથે સંકળાયેલી છે.

૩.૧ અરજદાર દ્વારા અરજીમાં કરાયેલ રજૂઆત મુજબ વિદ્યુત લોકપાલશ્રીના કેસ નંબર ૧૦/૨૦૨૩ ના તા.૨૮.૦૪.૨૦૨૩ ના ચુકાદા મુજબ તેઓ સૌરઉર્જા સંચાલિત પંપ સેટ ધરાવતા હોય, હયાત સોલાર સીસ્ટમને ગ્રીડ સાથે જોડવા ગુજરાત રાજ્ય સરકારના ઠરાવ મુજબ અરજી કરીને પરંપરાગત વીજજોડાણ મેળવી શકે છે.

૩.૨ અરજદાર દ્વારા નુકસાનીના વળતર અંગેની જે અરજી કરેલ છે તે સદર પરંપરાગત વીજજોડાણ ન મળવાના કારણે થયેલ હોવાનું જણાવેલ છે. પરંતુ ખરેખર સદર વીજજોડાણ મેળવવા અરજદાર હક્કદાર ન હોય, નુકસાનીના વળતર અંગેનો કોઈ મુદ્દો ઉપસ્થિત થતો નથી. વિશેષમાં વળતર અંગેની દર્શાવેલ કુલ રકમ પૈકી આપના દ્વારા FQ પેટે ભરપાઈ કરેલ રૂ.૭૬૩૫/- માનનીય લોકપાલશ્રીના ચુકાદા મુજબ પરત કરવા પાત્ર છે, જેથી અરજદારને મળવાપાત્ર રકમ, ચેક નંબર ૭૭૩૨૫૪ તા.૦૩.૦૭.૨૦૨૩, રૂ. ૭૬૩૫/- અરજદાર અનસોયાબેન પરબતભાઈ પટેલનાં નામનો ઇસ્યુ કરેલ છે, જે રજીસ્ટર એડી ટપાલ નં ૨૮૯૬ તા.૦૬-૦૭-૨૦૨૩ થી મોકલેલ છે. અરજદાર દ્વારા દર્શાવેલ અન્ય કોઈ ખર્ચ, વળતર સ્વરૂપે પરત કરવાની કોઈ જોગવાઈ ન હોવાથી મળવા પાત્ર નથી.

## ::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની રજૂઆત મુજબ ટંકારા તાલુકાના ભૂત કોટડા ગામમાં ખેતીવાડી જમીનમાં ટંકારા પેટાવિભાગીય કચેરી હેઠળ ગુજરાત રાજ્ય સરકારશ્રીની યોજના હેઠળ સોલાર ઓફ ગ્રીડ પંપ તા.૧૭-૦૯-૨૦૧૬ ના રોજ ઇંસ્ટોલેશન કરી શરુ કરી આપવામાં આવેલ છે. ત્યારબાદ સદર સોલાર પંપને ૦૫ વર્ષ પૂર્ણ થતા પરંપરાગત ખેતીવાડી વીજજોડાણ લેવા માટે તા.૧૪-૦૬-૨૦૨૧ ના રોજ નોંધણી કરાવેલ જેનું ભાવપત્રક તા.૨૧-૦૫-૨૦૨૨ ના રોજ ભરપાઈ કરેલ પરંતુ સદર વીજજોડાણ સામેવાળા દ્વારા આપવાની કાર્યવાહી ન કરવામાં આવતા ફોરમ સમક્ષ તા.૧૨-૧૨-૨૦૨૨ થી અરજદારે ફરિયાદ નોંધાવેલ છે. જે અનુસંધાને ફોરમના ચુકાદા મુજબ ફરિયાદીની તરફેણમાં ન આવતા વિદ્યુત લોકપાલ સમક્ષ ફરિયાદ નોંધાવેલ, જેની નોંધણી વિદ્યુત લોકપાલશ્રી દ્વારા કેસ નં ૧૦/૨૦૨૩ થી કરવામાં આવેલ, જે અંતર્ગત વિદ્યુત લોકપાલશ્રી દ્વારા તા.૨૮-૦૪-૨૦૨૩ ના રોજ અપાયેલ ચુકાદા મુજબ સદર ફરિયાદી ઓફગ્રીડ સોલાર પંપ ધરાવતા હોવાથી પરંપરાગત વીજજોડાણ લેવાની અરજી સામેવાળા વીજ કંપની દ્વારા નોંધણી કરી જરૂરી કાર્યવાહી હાથ ધરેલ જે ઉર્જા અને પેટ્રોકેમિક્લસ વિભાગના ઠરાવોની જોગવાઈઓ સાથે સુસંગત ન હોવાથી, અરજદાર પરંપરાગત વીજજોડાણ મેળવવા માટે પાત્રતા ધરાવે છે તેમ કહી શકાય નહિ, જે ધ્યાને રાખીને ફરિયાદી અરજદાર દ્વારા ભરપાઈ કરેલ ભાવપત્રકની રકમ રૂ.૭૬૩૫/- સામેવાળા વીજકંપનીને પરત કરવા સુચીત કરેલ તેમજ જવાબદાર અધિકારી / કર્મચારી સામે નિયમ મુજબ શિસ્તભંગના પગલા લેવા સુચીત કરવામાં આવે છે. આમ, અરજદારની રજૂઆત મુજબ નવું પરંપરાગત વીજજોડાણ ન મળતા તેમજ તેઓની લેખિત રજૂઆત મુજબ નવું વીજજોડાણ મેળવવા માટે થયેલ ખર્ચનું વળતર મેળવવા માટે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૪.૨ અરજદારની ઉપરોક્ત ફરિયાદ અનુસંધાને પીજીવીસીએલ પક્ષકારની લેખિત રજૂઆત મુજબ અરજદાર દ્વારા સામાન્ય યોજના હેઠળ અરજી કરાયેલ ખેતીવાડી વીજજોડાણ સૌરઉર્જા સંચાલિત પંપ સેટ ધરાવતા હોવાથી ન મળવાના કારણોસર થયેલ ખર્ચ વળતર સ્વરૂપે પરત મેળવવા માટે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે. અરજદારને સદર ખેતીવાડી વીજજોડાણ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અપાયેલ ન હોવાથી ફોરમ અને ત્યારબાદ વિદ્યુત લોકપાલશ્રીમાં રજૂઆત કરેલ તે મુજબ વિદ્યુત લોકપાલના સદર કેસ નં-૧૦/૨૦૨૩ ના તા.૨૮-૦૪-૨૦૨૩ ના ચુકાદા મુજબ હયાત સૌરઉર્જા સંચાલિત પંપ સેટ ગુજરાત સરકારશ્રીના ઉર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગ ગાંધીનગરના ઠરાવ મુજબ બજટ/૨૦૧૪/૧૪૪૭/બ તા.૦૨-૦૨-૨૦૧૫ ની જોગવાઈઓ અંતર્ગત અરજદારની ખેતીવાડી વીજજોડાણની જગ્યામાં તા.૧૭-૦૯-૨૦૧૬ થી કાર્યરત થયેલ છે, તે મુજબ અરજદાર સદર જમીનમાં તા.૧૭-૦૯-૨૦૧૬ થી ૦૫ વર્ષ બાદ સૌરઉર્જા સંચાલિત પંપની માલિકી તબદીલ થયા બાદ આગામી ૦૫ વર્ષ સુધી લાભાર્થી પરંપરાગત કૃષિ વીજજોડાણની માંગણી કરી શકે નહિ. પરંતુ સદર બાબતોને ધ્યાનમાં રાખતા અરજદાર દ્વારા નવા કૃષિ વિષયક વીજજોડાણ મેળવવા માટેની અરજી તા.૧૪-૦૬-૨૦૨૧ ના રોજ નોંધાવેલ જે અરજી સદર ૦૫ વર્ષના સમયગાળામાં કરવામાં આવેલ છે, જેથી અરજદારની સદર નવા વીજજોડાણ માટેની રજૂઆત ગ્રાહ્ય રાખી શકાય નહિ.

વધુમાં સદર યોજનાને સંલગ્ન ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના **પ્રર્વતમાન ઠરાવ ક્રમાંક : SLR/11/2014/GOI/1154/B-1 Dt:08-07-2022** ની જોગવાઈ મુજબ હયાત **સૌરઉર્જા સંચાલિત** પંપને સ્થાપિત થયાને ૦૫ વર્ષ પૂર્ણ થયા પછી પરંપરાગત વીજજોડાણ મેળવવા માટે સોલાર સીસ્ટમને ગ્રીડ સાથે જોડવા સામેવાળા વીજકંપનીને અરજી કરી શકે છે.

આમ, અરજદાર પરંપરાગત વીજજોડાણ મેળવવા માટે હકદાર ન હોય, નુકશાનીના વળતર અંગેનો મુદ્દો ઉપસ્થિત થતો નથી વિશેષમાં વળતર અંગેની દર્શાવેલી કુલ રકમ પૈકી નવા વીજજોડાણની અરજી અન્વયે ભરપાઈ કરેલ ભાવપત્રકની રકમ રૂ.૭૬૩૫/- પરત કરવા પાત્ર છે. સદર રકમ અરજદારને ચેકથી પત્ર નં - તા.૦૩.૦૭.૨૦૨૩ થી ઇસ્યુ કરાયેલ છે, જે તા.૦૬.૦૭.૨૦૨૩ થી મોકલાવેલ છે.

૪.૩ સદર કેસની સુનાવણી દરમ્યાન અરજદાર દ્વારા પીજીવીસીએલ પક્ષકારની ભૂલના કારણે ઉપરોક્ત મુદ્દા નં ૪.૧ મુજબ વળતરની માંગણી કરેલ છે, તે તાત્કાલિક આપવા અને જવાબદાર પીજીવીસીએલના કર્મચારી સામે સખત કાર્યવાહી કરવી, જેથી બીજા નાના ખેડૂતને નુકશાન ન થાય. વધુમાં અરજદાર દ્વારા ઉર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગના પ્રર્વતમાનમાં રહેલ ઠરાવ મુજબ હયાત ઓફગ્રીડ સોલાર ઉર્જા સંચાલિત પંપ સેટ સિસ્ટમ માંથી ઓનગ્રીડ કર્યા પછી કોઇપણ જાતનું મેન્ટેનન્સ ન આવે તો કુલ થવા પાત્ર ખર્ચ(રૂ.80,476) ની ગણતરી મુજબ વળતરની રકમ =રૂ.80,476 (ગ્રીડ કન્નેકશન ખર્ચ)/ રૂ.2760 (વાર્ષિક રકમ)=29.15= 29 વર્ષ અને 2 મહિના થાય, જે વળતર સમયગાળો વધારે હોવાથી નાના ખેડૂતને બિલકુલ પોસાય તેમ નથી, જે અંગે સરકારશ્રીના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનાં GR તા.૦૮.૦૭.૨૦૨૨ માં જરૂરી સુધારો કરવા અરજદાર દ્વારા રજૂઆત કરેલ છે, પરંતુ સદર બાબત નીતિવિષયક હોવાથી ફોરમના સતાક્ષેત્ર બહાર છે.

૪.૪ અરજદારની રજૂઆત સાથે જોડેલ આધાર-પુરાવા મુજબ સદર સૌર ઉર્જા સંચાલિત પંપ સેટને વીજઅધિકારીની સુચના મુજબ તા.૨૧-૦૫-૨૦૨૨ ના રોજ સોલાર સીસ્ટમ નીકાળીને ઘરે રાખેલ છે. તેમજ સદર બાબતે વિજ અધિકારી દ્વારા બાંહેધરીપત્રક લીઘેલ છે. સદર બાહેધરીપત્રકમાં અરજદાર ટંકારા તાલુકાના ભૂત કોટડા ગામે આવેલ સર્વે નંબર : ૧૦૧ પૈકી ૧ માં સોલાર નખાવેલ છે. જેનો વપરાશ કરતા ન હોય તેમજ કને. મળ્યેથી સદર જમીનમાં આવેલ સોલાર અમે કાઢી નાખીશું તે અંગેની બાંહેધરી આપેલ છે. ત્યારબાદ નવા ખેતીવાડી વીજજોડાણની અરજીની કાર્યવાહી પીજીવીસીએલની ભૂલને કારણે ન થતા અરજદાર શ્રીમતી અનસોયાબેન પરબતભાઈ પટેલ દ્વારા થયેલ નુકશાનનું વળતર મેળવવા માટે ફોરમ સમક્ષ ફરિયાદ નોંધાવેલ છે.

૪.૫ સૌર ઉર્જા સંચાલિત પંપ સેટની યોજનાના ઠરાવ ક્રમાંક : બજટ/૨૦૧૪/૧૪૪૭/૬-૧ તા.૨૫. ૦૯.૨૦૧૪ અને ત્યારબાદ સદર ઠરાવનો સુધારો ક્રમાંક : બજટ/૨૦૧૪/૧૪૪૭/બ તા.૦૨-૦૨-૨૦૧૫ ની જોગવાઈઓ અંતર્ગત સુધારેલ શરત નં - ૧૧ નીચે મુજબ છે.

> "સૌરઉર્જા પંપ અને તેને સંલગ્ન તમામ સાધનોની માલિકી ૫ (પાંચ) વર્ષ સુધી સબંધિત વીજકંપનીની રહેશે અને પાંચ વર્ષ પછી આ માલિકી લાભાર્થીને એ શરતે તબ્દીલ થશે કે આગામી પાંચ વર્ષ સુધી લાભાર્થી પરંપરાગત કૃષિ વીજજોડાણની માંગણી કરી શકશે નહી."

ઉપરોક્ત શરતોને ધ્યાનમાં રાખીને લોકપાલશ્રી દ્વારા પણ નિષ્કર્ષ કરાયેલ છે, તે મુજબ અરજદાર દ્વારા સૌરઉર્જા સંચાલિત પંપ સેટની અરજી અન્વયે સોલાર પંપ સેટ તા.૧૭-૦૯-૨૦૧૬ થી કાર્યરત કરાયેલ

છે, તે મુજબ અરજદારે કરેલ ત્રી-પક્ષીય કરાર મુજબ સદર ૦૫ વર્ષનો સમયગાળો તા.૧૬-૦૯-૨૦૨૧ ના રોજ પૂર્ણ થતો હતો તે દરમ્યાન અરજદાર દ્વારા પરંપરાગત વીજજોડાણ મેળવવા માટે તા.૧૪-૦૬-૨૦૨૧ ના રોજ અરજી કરેલ છે, જે અન્વયે પીજીવીસીએલ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી, જે ઠરાવોની જોગવાઈ સાથે સુસંગત નથી, તે અનુસંધાને પીજીવીસીએલ પક્ષકાર દ્વારા લોકપાલના ચુકાદા મુજબ ભરપાઈ કરેલ ભાવપત્રકની રકમ રૂ.૭૬૩૫/- નો ચેક તા.૦૬-૦૭-૨૦૨૩ થી મોકલાવેલ છે. પરંતુ અરજદારની રજૂઆત મુજબ રૂ.૩૪૭૦૩૫/- ની કુલ નુકશાનીના વળતર પેટે ફોરમ દ્વારા કોઈ હુકમ થઇ શકે તેમ નથી કારણકે પ્રસ્તુત કિસ્સામાં પીજીવીસીએલના પેટાવિભાગીય કચેરીના અધિકારીની વ્યક્તિગત કામગીરીના કારણે અરજદારને તેમજ વીજકંપનીને વિવાદ ઉભો થયેલ છે, જે માટે જે તે અધિકારીની જ જવાબદારી હોવાનું ફોરમનું તારણ છે. આથી, જે તે જવાબદાર અધિકારી / કર્મચારી સામે શિક્ષાત્મક કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવી તેમજ અત્રેના ફોરમને રીપોર્ટ કરવો. અરજદારની વળતર બાબતેની રજૂઆત અન્વયે આ તબ્બકે કોઈ હુકમ કરવાનો થતો નથી.

૪.૬ સદર કેસમાં ઉપરોક્ત મુદ્દા નં ૪.૩ અને ૪.૫ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (આર.સી.પટેલ) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ, રાજકોટ – ૩૬૦૦૦૧.